# “બસ એટલી સમજ મને પરવરદિગાર દે, સુખ જયારે જયાં મળે ત્યાં બધાના વિચાર દે.”

## વૃષભ (બ.વ.ઉ.)



**સંવત 2082નું વર્ષ એકંદરે આપને માટે શુભ-લાભદાયી અને સુખદાયી રહેશે પણ આ સમયગાળા દરમ્યાન વધતા બેંક બેલેન્સની સાથે સત્કર્મ અને પુણ્યનું બેલેન્સ પણ વધતું રહે તે માટે પ્રયત્નશીલ રહેવું. “કર ભલા તો હોગા ભલા.”**

**જીવનનાં વિવિધ પાસાંઓ પર અસર**

### માનસિક સ્થિતિ : સંતોષ અને સુખનો અનુભવ

વૃષભ રાશિનાં જાતકો સામાન્ય રીતે શાંત, સ્થિર અને વ્યવહારુ મનનાં હોય છે. સંવત 2082માં શુક્રનો પ્રભાવ તમારા મનને સૌંદર્ય, સુખ અને શાંતિ પ્રત્યે આકર્ષિત કરશે. તા. 05/12/2025 થી 01/06/2026 દરમ્યાન **ગુરુનું મિથુન રાશિમાં ગોચર આપને સંતોષી અને સુખી બનાવશે.** વર્ષના ઉત્તરાર્ધમાં (તા. 1લી જૂન - 2026 પછી ગુરુનું કર્ક ગૌચર તમને આશાવાદી અને ફિલસૂફ બનાવશે. માનસિક શાંતિ અને ભાવાત્મક સ્થિરતા રહેશે. જો કે મીન રાશિમાં પરિભ્રમણ કરતાં શનિ મહારાજનો પ્રભાવ માનસિક દબાણ વધારી શકે છે. શનિની શિસ્તબધ્ધ ઊર્જા તમને જવાબદારીઓ અને લાંબા ગાળાનાં લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કરી તેને માટે સખત પરિશ્રમ કરવા મજબૂર કરશે.

### આરોગ્ય : સ્વસ્થ રહે

આ વર્ષે આપનું આરોગ્ય એકંદરે સ્વસ્થ રહેશે. ગુરુની કૃપા-દષ્ટિને કારણે તંદુરસ્તી જળવાયેલી રહેશે. ડાયાબિટિસ હાઇપર ટેન્શન જેવી કોઇ **જૂની બીમારી હોય તો તે અંકુશમાં રહેશે.** જો કે ગળું, ગરદન, દાંત અને પાચનતંત્ર સંબંધિત સમસ્યાઓ, હૃદય સંબંધિત તકલીફ અનુભવાય તો સત્વરે તબીબી સલાહ મેળવવી. શનિદેવનું 11 મા ભાવમાં ગોચર તમને શારીરિક શક્તિ જાળવવા માટે નિયમિત અને શિસ્તબદ્ધ જીવનશૈલી પર ભાર મૂકવા જણાવે છે. કેતુના ચોથા ભાવમાં ગોચર માનસિક તણાવ કે ચિંતા લાવી શકે છે.

### ધંધાકીય : ગાડી ટોપ ગિયરમાં દોડશે

સંવત 2082માં તમારી વ્યાપાર-ધંધાની ગાડી ટોપ ગિયરમાં દોડશે. તમને વ્યાપાર, ધંધા, વ્યવસાયમાં સ્થિરતા અને પ્રગતિની તકો મળશે. શનિનું 11 મા ભાવમાં પરિભ્રમણ સરકારી, અર્ધસરકારી સંપર્કો થકી સારો ધનલાભ અપાવી જશે. નવા પ્રોડક્ટ કે expansion ની તકો મળે પરંતુ નિર્ણયો સમજી વિચારીને નિષ્ણાતની સલાહ મેળવીને કરવા. ગુરુનું બીજા ભાવમાં ગોચર (5 ડિસેમ્બર થી 1 જૂન 2026 દરમિયાન) નાણાંકીય લાભ અને કારકિર્દીમાં સફળતા અપાવશે. વ્યાપારીઓ, ધંધાર્થીઓ માટે આ વર્ષનો ઉત્તરાર્ધ (તા. 1 લી જૂન-2026થી વર્ષાન્ત સુધી)નવાં રોકાણો અને વિસ્તરણ માટે અનુકૂળ રહેશે. જો કે બુધના વક્રી ગોચર (જુલાઇ : 2026) દરમ્યાન દસ્તાવેજો અને કરારો કરતી વખતે સાવચેતી રાખવી.

### નોકરી: પ્રમોશનનો યોગ

નોકરીમાં પ્રમોશન યા બીજી નવી વધુ સારી તકો મળી શકે. **મનપસંદ જગ્યાએ બદલી મળી શકવાનો યોગ પણ છે.** સહ-કર્મચારીઓનો સહકાર અને ઉપરી અધિકારીઓનું પ્રોત્સાહન મળી રહેશે. અલબત્ત દસમા સ્થાને રાહુને કારણે અને 1લી જૂન 2026થી રાહુ અને ગુરુ સામસામે આવતા હોવાથી હાથમાં આવતી તક સરી ન જાય તેની સાવધાની રાખવી.

### નાણાંકીય સ્થિતિ : બહેતર બનશે

સંવત 2082 માં ખાસ કરીને 5મી ડિસેમ્બર 2025 થી 1લી જૂન 2026નો સમયગાળો આપને માટે પ્રગતિકારક અને લાભદાયી રહેશે. નાણાં, માલમિલકત, ભૌતિક સુખની પ્રાપ્તિ અને વૃદ્ધિ થશે. **વીલવારસાના લાભનો પણ યોગ છે.** ગુરુના બીજા ભાવમાં ગોચર નાણાંકીય સ્થિરતા, બચત અને રોકાણની તકો લાવશે. શનિનું 11 મા ભાવમાં ભ્રમણ પણ આવકના નવા સ્રોત અને નાણાંકીય લાભ અપાવતા આર્થિક પ્રગતિ થશે. તા. 10/04/2026 થી 30/04/2026, તા. 29/05/2026 થી 22/06/2026 અને તા. 07/09/2026 થી 26/09/2026 દરમ્યાન બુધની અનુકૂળતાને કારણે સ્ટોક-માર્કેટમાં સમજી-વિચારી બુધ્ધિપૂર્વકનું કરેલું ઇન્વેસ્ટમેન્ટ સારો લાભ આપી જાય. જો કે રાહુના દસમા ભાવમાં પરિભ્રમણ શેરબજારમાં ટીપ્સ કે અટકળ આધારિત ટ્રેડિંગમાં જોખમ ઊભું કરી શકે છે. ખર્ચ પર નિયંત્રણ રાખવું.

### પારિવારિક અને પ્રેમસંબંધો : સુખ અને આંનદ

કૌટુંબિક જીવન અને પ્રેમસંબંધોમાં સુખ અને આનંદ રહેશે. તા. 5મી ડિસેમ્બર 2025 થી 1લી જૂન 2026 દરમિયાન ગુરુનું ગોચર માન, સન્માન, પ્રતિષ્ઠા, કુટુંબ વગેરેનું સુખ આપશે. અવિવાહિતોના લગ્નનો યોગ છે. સંતાન ઈચ્છતાં દંપતીઓને ‘ગુડ ન્યૂઝ’ મળવાની પણ સંભાવના છે. પ્રેમીઓ માટે, શુક્રનું શુભ ગોચર (ખાસ કરીને મીન કે તુલામાં )પ્રેમમાં સફળતા અને નવા સંબંધોની શરૂઆતની તકો આપશે જો કે કેતુનું ચોથા ભાવમાં ગોચર કૌટુંબિક જીવનમાં નિર્લિપ્તતા કે ગેરસમજ લાવી શકે છે. એ જ રીતે તા. 07/12/2025 થી 15/01/2026 દરમ્યાન મંગળના વૃશ્ચિક રાશિમાં પરિભ્રમણને કારણે જીવનસાથી સાથે મતભેદ ઊભા થાય. નાની નાની વાતોમાંથી ઊભા થયેલા વિવાદો વકરીને છૂટાછેડા સુધી ન પહોંચે તેનું તમારે ધ્યાન રાખવું પડશે. વાણી અને વર્તનમાં સમજદારી અને સાવધાની રાખવી.




### શિક્ષણ : નિયમિત અભ્યાસ અને પ્રેકટીસ જરૂરી

વિદ્યાર્થીઓ માટે સંવત 2082 સારું રહેશે.ગુરુનું બીજા ભાવમાં ગોચર શિક્ષણ, સંશોધન અને બૌદ્ધિક પ્રવૃત્તિઓમાં સફળતા અપાવશે. ખાસ કરીને સર્જનાત્મક વિષયો, કળા, વાણિજ્ય કે ફાયનાન્સ સાથે જોડાયેલાં વિદ્યાર્થીઓને લાભ થશે. **સ્નાતક, અનુસ્નાતક યા પી.એચ.ડી. ના વિદ્યાર્થીઓને પરિણામ સારું મળશે.** ગુરુનું કર્ક રાશિમાં ગોચર (1લી જૂન:2026 થી વર્ષાન્ત સુધી) વિદ્યાર્થીઓને માનસિક શાંતિ અને એકાગ્રતા જે અભ્યાસમાં લાભદાયી રહેશે. જો કે રાહુનું દસમા ભાવમાં ગોચર પરીક્ષાઓ કે સ્પર્ધાઓમાં મૂંઝવણ લાવી શકે છે. તેથી નિયમિત અભ્યાસ અને પ્રેક્ટિસ જરૂરી રહેશે.

### કોર્ટ- કચેરી : સફળતા

આ વર્ષ દરમ્યાન ગુરુનું ગોચર કાનૂની બાબતોમાં સફળતા આપી જશે. આ સમયગાળા દરમિયાન પ્રોપર્ટી, વ્યાપાર કે કૌટુંબિક વિવાદો સંબંધિત **કોર્ટના કેસોમાં સમાધાન કે નિર્ણય તમારા પક્ષમાં આવવાની શક્યતા છે.** જો કે, શનિનું અગિયારમા ભાવમાં ગોચર કોર્ટના મામલાઓમાં વિલંબ કે અડચણો લાવી શકે છે. વધુમાં, રાહુનું અગિયારમા ભાવમાં ગોચર અણધારી ગેરસમજણો કે દસ્તાવેજોમાં ભૂલોનું જોખમ વધારશે, તેથી દરેક કાનૂની કાગળોનો ઝીણવટથી અભ્યાસ કરીને નિર્ણય કરવો. એકંદરે અનુકૂળ સમય.

### સરકારી કામો : અનુકૂળતા

સરકારી કામોની દૃષ્ટિએ, આ વર્ષ આપને માટે મધ્યમથી અનુકૂળ રહેશે. વર્ષ દરમ્યાન ગુરુનું ગોચર જે સરકારી કામો જેમ કે **લાયસન્સ, પરમિટ, સબસિડી કે ટેક્સ સંબંધિત બાબતોમાં સફળતા આપશે.** સરકારી નોકરીની પરીક્ષાઓ, પ્રોપર્ટી રજિસ્ટ્રેશન કે સરકારી યોજનાઓના લાભ મેળવવા માટે શુભ સમય રહેશે. જૂન - 2026 દરમિયાન શુક્ર અને બુધની અનુકૂળતા સરકારી કામોમાં સફળતા અને લાભ આપશે.

### પ્રવાસ : નવી તકો

આ વર્ષ આપને માટે પ્રવાસની ઘણી તકો લઈને આવશે. ગુરુનું ત્રીજા ભાવમાં (કર્ક રાશિમાં) ગોચર (1લી જૂન : 2026 થી) ટૂંકા અને વ્યાવસાયિક પ્રવાસોને તેમજ ધાર્મિક તીર્થયાત્રાઓને પ્રોત્સાહન આપશે. **વ્યવસાય, શિક્ષણ કે કૌટુંબિક કારણોસર પ્રવાસની શક્યતાઓ રહેશે.** જો કે, કેતુનું ચોથા ભાવમાં ગોચર પ્રવાસ દરમિયાન ભાવનાત્મક અસ્થિરતા કે નાની અડચણો લાવી શકે છે, તેથી પ્રવાસનું યોગ્ય આયોજન કરવું અને આરોગ્યનું તથા લગેજનું ધ્યાન રાખવું.

### સ્ટોક માર્કેટ : લાંબા ગાળાનાં રોકાણથી લાભ

આ વર્ષ મ્યુચ્યુઅલ ફંડ્સ, બ્લૂ-ચિપ સ્ટોક્સ કે સરકારી બોન્ડ્સમાં કે gold ETFમાં લાંબા ગાળાના રોકાણ માટે અનુકૂળ રહેશે. બેંકિંગ, રિયલ એસ્ટેટ, ફાર્માસ્યુટિકલ્સ અને લક્ઝરી ગુડ્સ સેક્ટરના શેરોમાં ઇન્વેસ્ટમેન્ટમાં નફો થઈ શકે છે પરંતુ ડે-ટ્રેડિંગ કે ઉચ્ચ જોખમવાળાં રોકાણો ટાળવાં.

### મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

**શનિનું ગોચર :** શનિ 29 માર્ચ 2026થી મીન રાશિમાં પ્રવેશ કરી ચૂક્યો હશે અને આખા વિક્રમ સંવત 2082 દરમ્યાન મીન રાશિમાં રહેશે, વૃષભ રાશિ માટે 11મા ભાવ (લાભ ભાવ)માં ગોચર કરશે. આ ગોચર આર્થિક લાભ, સામાજિક નેટવર્કિંગ અને મહત્ત્વાકાંક્ષાઓની પૂર્તિ માટે અનુકૂળ રહેશે. શનિની શિસ્તબદ્ધ ઊર્જા તમને લાંબા ગાળાની યોજનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા પ્રેરશે પરંતુ ધીરજ રાખવી જરૂરી રહેશે.

**ગુરુનું ગોચર :** ગુરુ 18 ઓક્ટોબર 2025થી 5 ડિસેમ્બર 2025 સુધી કર્ક રાશિમાં (3જા ભાવ)માં ગોચર કરશે અને પછી ગુરુ ફરી મિથુનમાં પાછો આવશે અને 1 લી જૂન:2026 સુધી મિથુનમાં રહેશે. ગુરુનું ર્જા ભાવમાં **ગોચર નાણાંકીય સ્થિરતા, કૌટુંબિક સંબંધો અને વાણી પર શુભ અસર કરશે.** જાહેર જીવન અને રાજકીય ક્ષેત્રે સફળતા આપે. જ્યારે 1 લી જૂન : 2026થી વર્ષાન્ત સુધી ગુરુનું કર્ક (3જા ભાવ)માં ગોચર હિંમત અને નવા પ્રયાસોમાં સફળતા અપાવશે. મિત્રોથી લાભ થાય. પ્રવાસો, તીર્થયાત્રાથી પણ લાભ થાય.

**રાહુ-કેતુનું ગોચર :** સમગ્ર સંવત વર્ષ 2082 દરમ્યાન રાહુ કુંભ રાશિમાં (દસમા ભાવ) અને કેતુ સિંહ રાશિમાં (ચોથા ભાવ) ગોચર કરશે. રાહુનું દસમા ભાવમાં ગોચર કારકિર્દીમાં નવી તકો લાવશે પરંતુ ટેન્શનમાં કે ઉતાવળમાં નિર્ણયો ટાળવા જરૂરી રહેશે. કેતુનું ચોથા ભાવમાં ગોચર ઘરેલું જીવનમાં નિર્લિપ્તતા કે આધ્યાત્મિકતા વધારશે.